ગાંધીનગર સમાચાર

# ગાઝાપટ્ટીમાં ઈઝરાયેલના હવાઈ હુમલા : મૃતાંક ૧૩૦થી વધુ

ગાઝા,તા. ૧૨

ઈઝરાયેલે ગાઝા પટ્ટી અને આસપાસના વિસ્તારોમાં આજે પાંચમાં દિવસે પણ હવાઈ હુમલા જારી રાખ્યા હતા. છેલ્લા પાંચ દિવસના ગાળામાં હવાઈ હુમલામાં મોતનો આંકડો વધીને હવે ૧૩૦થી ઉપર પહોંચી ગયો છે. ઈઝરાયેલના હુમલા શરૂ થયા બાદથી પ્રથમ વખત લેબનોનમાંથી ઈઝરાયેલ પર રોકેટ હુમલા કરવામાં આવ્યા હતા. આજે સવારે ગાઝાપટ્ટીમાં ઈઝરાયેલે કરેલા હવાઈ હુમલામાં ૧૬ પેલેસ્ટેનિયનોના મોત થયા હતા. ઈઝરાયેલી હવાઈ હુમલાનો અંત લાવવા સતત માંગ થઈ રહી છે પરંતુ હુમલાઓ જારી રહ્યા છે. સ્થાનિક લોકો હુમલાઓ બંધ કરવા રજૂઆત કરી રહ્યા છે. દેખાવોનો દોર પણ ચાલી રહ્યો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ઈઝરાયેલ હજુ પણ લડાઈના મુડમાં છે. તમામ તાકાત સાથે હવે સામ સામે હુમલા થઈ રહ્યા છે. બીજી બાજુ યુદ્ધવિરામ કરીનો શાંતિ સ્થાપિત કરવા આંતરરાષ્ટ્રીય દબાણ હોવા છતાં ઈઝરાયેલ હુમલા બંધ કરવાના મુડમાં નથી. હજુ સુધી બાળકો અને મહિલાઓ સહિત ૧૩૦ લોકોના મોત થઈ ચુક્યા છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ મોત અંગે દુખ વ્યક્ત કરીને કહ્યું છે કે હમાસ સાથે યુદ્ધ વિરામ કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. ઓબામાએ ઈજરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ સાથે ફોન પર વાતચીત કરી છે અને રોકેટ હુમલાની ટિકા કરી છે. જો કે ઓબામાએ કહ્યુ છે કે ઈઝરાયેલને પોતાની સુરક્ષાનો સંપૂર્ણ અધિકાર છે. ઓબામાએ શાંતિ સ્થાપિત કરવા માટે ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે



મધ્યસ્થી કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.જો કે ઈઝરાયેલના વડાપ્રધાને આ સંબંધમાં શુ કહ્યું છે કે તે અંગે માહિતી મળી શકી નથી. હમાસ પણ યુદ્ધ વિરામ માટે વહેલી તકે રાજી થાય તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. નેતન્યાહુએ ઓપરેશન પ્રોટેક્ટિવ એજની વાત કરી હતી. હમાસના ત્રાસવાદીઓ પણ લડાયક દેખાઈ રહ્યા છે. ઈઝરાયેલના ઉત્તરીય સરહદ પર ગેસ સ્ટેશન નજીક રોકેટ ઝીંકવામાં આવ્યા હતા. કુલ બે રોકેટ ઝીંકાયા હતા. જો કે જવાબી કાર્યાવાહી તરત કરવામાં આવી હતી. ઈજરાયેલી સેનાએ ગયા સોમવારથી હજુ સુધી ગાજા પર ૧૦૯૦ સ્થળો પર હુમલા કર્યા છે. સેનાએ હવે ભૂમિ હુમલા માટે ૪૦ હજાર જવાનોને બોલાવ્યા છે. હુમલામાં ૬૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હુમલાના કારણે ગાઝામાં બે હાજારથી વધુ લોકો બેઘર થયા છે. ઉત્તરીય ગાઝા અને અન્ય વિસ્તારમાં હવાઈ હુમલા કરાયા હતા. સ્થાનિક લોકોનું કહેવું છે કે, સવારમાં હુમલાઓ દરમિયાન મસ્જિદો અને હમાસના અધિકારીઓના આવાસને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. ઈઝરાયેલે ઓપરેશન પ્રોટેક્ટિવ એજ નામે આ હુમલાઓ કર્યા છે. ઈઝરાયેલમાં કોઈ ખુવારી થઈ નથી. ગાઝાના આરોગ્ય મંત્રાલયના પ્રવક્તા અશરફ અલ કિડરાએ કહ્યું છે કે, મોતનો આંકડો ૧૩૦ ઉપર પહોંચ્યો છે અને ઘાયલોની સંખ્યા ૯૨૦થી વધારે નોંધાઈ છે. બળવાખોરોએ પણ ઈઝરાયેલ ઉપર ૫૨૦ મોર્ટાર અને રોકેટ મારફતે હુમલા કર્યા છે.

# ગારના અમલીકરણ અંગે ટૂંકમાં નિર્ણય લેવાશે

નવીદિલ્હી, તા.૧૨

વિવાદાસ્પદ ટેક્સ કાયદા ગારને એપ્રિલ ૨૦૧૫થી અમલી બનાવવામાં આવશે કે કેમ તેને લઈને વધુ માહિતી મેળવવાના હેતુસર સરકાર જુદા જુદા લોકોના અભિપ્રાય મેળવશે. ફિક્કી દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન રેવેન્યુ સેક્રેટરી શક્તિકામ દાસે આજે કહ્યું હતું કે, ઉદ્યોગજગતની દહેશત વાજબી છે પરંતુ સરકાર વિવાદાસ્પદ ટેક્સ કાયદાના સંદર્ભમાં માહિતી મેળવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જનરલ એન્ટી એવોઈડન્સ રુલ્સ (ગાર) એપ્રિલ ૨૦૧૫થી અમલી બનાવવાને લઈને વાતચીત ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે, સરકારે સમગ્ર મામલમાં હજુ સુધી ધ્યાન આપ્યું નથી જેથી નવી સરકાર પહેલા સમગ્ર મામલામાં ચકાસણી કરશે અને ત્યારબાદ નિર્ણય લેશે. ટૂંક સમયમાં જ સમીક્ષા હાથ ધરવામાં આવશે. હાલમાં પુરતો સમય રહેલો છે. સમય માર્યાદા આડે હજુ આઠ મહિનાનો સમય છે. અગાઉ સરકારે જનરલ એન્ટી એવોઈડન્સ રૂલ્સ (ગાર) લાગૂ કરવાના સંદર્ભમાં લોકોની પ્રતિક્રિયા મેળવી હતી. આ નિયમોનો હેતુ ટેક્સના સંદર્ભમાં ચોરી કરનાર કંપનીઓ દ્વારા કરવામાં આવતા રોકાણ માટેની વ્યવસ્થા રહેશે. માર્ચ ૨૦૧૩ બાદ કરવામાં આવેલા રોકાણને ગાર હેઠળ આવરી લેવામાં આવશે તેવી પ્રવર્તમાન દરખાસ્ત છે. લોકસભામાં શુક્રવારના દિવસે એક લેખિત પ્રશ્નના જવાબમાં માહિતી આપવામાં આવી હતી કે, આ મામલો ફરી ચર્ચામાં છે. નાણા રાજ્યપ્રધાન નિર્મલા સીતારામને કહ્યું હતું કે, ગાર પહેલી એપ્રિલ ૨૦૧૫થી અમલી બનાવવામાં આવશે. આ મુદે સ્પષ્ટતા કરતા દાસે કહ્યું હતું કે, વર્તમાન કાયદા મુજબ બે વર્ષ સુધી તેને ટાળવાનો નિર્ણય લેવાયો છે.

**ભારે વરસાદના કારણે બનાવ બન્યો**

# મુંબઈમાં કુલ બે ઇમારત ધરાશાયી : ત્રણના મોત


મુંબઈ, તા. ૧૨

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં ઇમારત ધરાશાયી થવાના બે જુદા જુદા બનાવમાં ત્રણ લોકોના મોત થયા હતા. પ્રચંડ પવન અને વરસાદના કારણે આ બનાવ બન્યા હતા. પ્રથમ બનાવ સેવરી ખાતે બન્યો હતો જ્યાં લકી મેન્શનના પ્રથમ માળથી દિવાલનો એક હિસ્સો તુટી પડ્યો હતો. લતીફ હોટેલ નજીક આવેલી આ ઇમારતનો હિસ્સો ધરાશાયી થયો હતો. આ બનાવમાં ત્રણ લોકો ઘાયલ થયા હતા. આ લોકોને કેઇએમ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં બે લોકોને મૃત જાહેર કરાયા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ મૃત્યુ પામેલા આ લોકો નજીકથી પસાર થઇ રહ્યા હતા. મૃતકોની ઓળખ કરવામાં આવી નથી. અન્ય એક બનાવ કોલાબામાં બન્યો હતો. જ્યાં નિર્માણ હેઠળ એક મકાનની દિવાલ ધરાશાયી થઇ ગઇ હતી. અહીં એકનું મોત થયું હતું. મૃત્યુ પામનાર વ્યક્તિ મસરુર શેખ તરીકે ઓળખાયો છે. મુંબઈમાં વરસાદ પડી રહ્યો છે જેના કારણે હવે જુના મકાનો અને નિર્માણ હેઠળના મકાનો ધરાશાયી થવાના બનાવોની દહેશત વધી ગઇ છે.

# બ્રિક મિટિંગઃ મોદી આજે બ્રાઝિલ જવા રવાના થશે

નવી દિલ્હી,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે બ્રાઝિલ જવા રવાના થશે. બ્રિક રાષ્ટ્રોની પાંચ દિવસની શિખર બેઠકમાં તેઓ હાજરી આપનાર છે. ૧૪ અને ૧૫મી જુલાઈના દિવસે આ બેઠક યોજાનાર છે જેમાં વિકાસ બેંકની રચના કરવાની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. સાથે સાથે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓના સુધારાના મુદ્દે પણ વાતચીત થશે. બ્રિક બેઠકમાં નરેન્દ્ર છવાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. રવિવારે રાત્રે બર્લિનમાં રોકાયા બાદ તેઓ બ્રાઝિલના ઉત્તરપૂર્વીય દરિયાકાંઠાના શહેર ફોર્ટાલેઝા જવા માટે રવાના થશે. આ શિખર બેઠકમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના નેતાઓ ભાગ લેશે. નરેન્દ્ર મોદી પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય સ્તર



ઉપર મોટા નેતાઓ સાથે વાતચીત કરનાર છે. બર્લિનમાં ચાન્સલર માર્કેલ સાથે તેમની બેઠકની પણ યોજના હતી પરંતુ આ યોજના હવે પડતી મુકાઈ છે. કારણ કે, જર્મની ફિફા વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચ્યું છે અને એન્જેલા માર્કેલ જર્મનીને પ્રોત્સાહન આપવાના હેતુસર ફિફા વર્લ્ડકપની ફાઈનલમાં હાજરી આપવા બ્રાઝિલ જશે. નરેન્દ્ર મોદીની સાથે ઉચ્ચસ્તરીય પ્રતિનિધિમંડળ પણ જઈ રહ્યું છે જેમાં નાણા રાજ્યપ્રધાન નિર્મલા સીતારામન, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એકે દોહલ, વિદેશ સચિવ સુજાદા સિંહ અને નાણા સચિવ અરવિંદ માયારામનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ડર્બનમાં આ બેઠક યોજાઈ હતી જેમાં ઘણા મુદ્દાઓ ઉપર નિર્ણય લેવાયા હતા. આ વખતે નરેન્દ્ર મોદીને ઘણા વૈશ્વિક નેતાઓ સાથે વાતચીતની તક મળશે. વિશ્વના દેશો સાથે સંબંધો મજબૂત કરવાની તક મળશે.

**આશરે ૨૫૦ યાત્રીઓનો સહેજમાં બચાવ થયો**

# પશ્ચિમ બંગાળમાં બે વિમાનો ટકરાતા સહેજમાં બચી ગયા

કોલકત્તા,તા. ૧૨

પશ્ચિમ બંગાળમાં બે વિમાનો ટકરાતા સહેજમાં બચી જતા તંત્રને મોટી રાહત થઈ છે. આ બન્ને વિમાનોમાં આશરે ૨૫૦ યાત્રીઓ હોવાનુ જાણવા મળ્યું છે. સમગ્ર મામલે ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. બનાવ ગઈકાલે બપોરે બન્યો હતો. જો કે આ અંગે માહિતી વહેલી તકે જાહેર કરવામાં આવી ન હતી. બગડોગરાથી આવેલા ઈન્ડિગોના વિમાનની ટક્કર સહેજમાં પશ્ચિમ બંગાળમાં બગડોદરા પર રહેલા એર ઈન્ડિયાના વિમાન સાથે થતા રહી ગઈ હતી. આ બનાવ અંગે માહિતી આપતા ઈન્ડિગોના પ્રવક્તાએ કહ્યુંછે કે એર ટ્રાફિક કન્ટ્રોલ દ્વારા બન્ને વિમાનોને મંજૂરી આપી દેવામાં આવી હતી. એર ઈન્ડિયાની ફ્લાઈટ ૮૭૯માં ૧૨૦થી વધારે યાત્રી હતા. જ્યારે ઈન્ડિગોની






બગડોગરા-દિલ્હીની ફ્લાઈટમાં ૧૩૦ યાત્રી હતા. ઈન્ડિગોના પ્રવકતાએ કહ્યુ હતું કે ૩૦૦૦૦ ફુટબની ઉંચાઈ પર જવાની મંજૂરી તેમને આપી દેવામાં આવી હતી. ઈન્ડિગોની ફ્લાઈટ ૧૨.૨૨ વાગે રવાના થઈ હતી. બન્ને એક બીજાની નજીક આવી ગયા હતા. જો કે ઈન્ડિગો અને એર ઈન્ડિયાના પાઈલોટે પોતાની રીતે સહેજ રીતે દુર્ઘટના ટાળી દીધી હતી. પ્રવકતાએ કહ્યું હતું ક બન્ને વિમાનના કેપ્ટને રીજોલ્યુશન એડવાઈઝરીનો ઉપયોગ કર્યો હતો અને પોત પોતાના વિમાન યોગ્ય દિશામાં લીધા હતા. જો કે લોકોના જીવ ઉંચા થઈ ગયા હતા. બન્ને વિમાનના યાત્રીઓએ પણ આ બનાવ અંગે માહિતી આપી હતી. જો કે બન્ને વિમાનના પાઈલોટની શાનદાર કુશળતાના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

# જાપાન ૬.૮ની તીવ્રતાના ધરતીકંપથી ફરીથી ધ્રુજ્યું

**પાટનગર ટોકિયોમાં ઇમારત ફરી હચમચી ઉઠી : વ્યાપક દહેશત ફેલાઇ : તંત્ર સાવધાન**

ટોકિયો,તા. ૧૨

જાપાનમાં ફરી એકવાર ૬.૮ની તીવ્રતાનો ભૂંકપનો આંચકો આજે સવારે અનુભવાયો હતો. જેથી લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. શરૂઆતમાં દરિયામાં મોજાની ચેતવણી જારી કરવામાં આવી હતી. પ્રચંડ ભૂંકપના કારણે કેટલાક લોકોને ઈજા થઈ છે વર્ષ ૨૦૧૧માં જ્યાં સુનામીએ આતંક મચાવ્યો હતો તે વિસ્તારમાં એટલે કે જાપાનના ઉત્તરીય દરિયાકાઠે આંચકો આવ્યો હતો. જો કે જાનમાલના નુકસાનને લઈને કોઈ વાત કરવામાં આવી નથી. જાપાનના ભૂંકપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું હતું કે ભૂંકપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૮ જેટલી હતી. ફુકુસીમાથી નજી આ આંચકો આવ્યો હતો. પ્રચંડ ભૂંકપની અસર એટલી હતી કે ભૂંકપના કેન્દ્રતી આશરે ૨૫૦ કિલોમીટરના અંતરે રહેલા પાટનગર



ટોકિયોમાં પણ ઈમારતો હચમચી ઉઠી હતી. લોકો ઘરની બહાર દોડી ગયા હતા.જાણકાર લોકોએ કહ્યું હતું કે ૨૦ સેન્ટીમીટર અથવા તો આઠ ઈંચ ઉંચા મોજા ઉછળ્યા હતા. નાના મોજા પણ દેખાયા હતા. દરમિયાન ફુકુસીમાં ખાતે એક મહિલા સીઢીતી પડી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે માર્ચ ૨૦૧૧માં વિનાશકારી ભૂંકપ અને ત્યારાબાદ સુનામીના કારણે આઠ શહેરો સંપૂર્ણ નાશ પામ્યા હતા. આજે ભૂંકપાના આંચકા બાદ સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. લોકોને સાવધાન રહેવા કહેવામાં આવ્યું હતું.જો કે બે કલાક બાદ તમામ સુનામીની ચેતવણી અને સલાહ પાછી ખેંચી લેવામાં આવી હતી. જેથી તંત્રને મોટી રાહત થઈ હતી. ફુકુસીમાને અગાઉ ૨૦૧૧માં ભારે નુકસાન થયુ હતુ. વર્ષ ૨૦૧૧માં ૧૯૦૦૦ લોકોના મોત થયા હતા. અને કરોડોનુ નુકસાન થયુ હતુ. ફુકુસીમા પ્લાન્ટને પણ નુકસાન થયું હતુ. ૧૦૦૦૦૦ જેટલા લોકો પ્લાન્ટની નજીકના હજુ સુધી રેડિએશનની દહેશતના કારણે પોતાના ઘરે ગયા નથી.

# આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકનો ફરીવાર ગોળીબાર

જમ્મુ,તા. ૧૨

પાકિસ્તાની સૈનિકોએ યુદ્ધવિરામના ભંગ કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. આજે ફરીએકવાર પાકિસ્તાની સૈનિકોએ ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. નાના અને ઓટોમેટિક હથિયારો સાથે આ ગોળીબાર કરવામાં આવ્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારી અને સેનાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું હતું કે, પાકિસ્તાની રેન્જરોએ આજે સવારે આંતરરાષ્ટ્રીય સરહદના અરણીયા સબ સેક્ટરમાં બીએસએફની ચોકીઓ ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની જવાનોએ નાના હથિયારોનો ઉપયોગ આના માટે કર્યો હતો. બીએસએફના જવાનોએ પણ જોરદારરીતે જવાબી કાર્યવાહી કરી હતી. ભારતના પક્ષે ગોળીબારમાં કોઈ ખુવારી થઈ ન હતી. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે પણ ગોળીબારનો દોર જારી રહ્યો હતો.

દરમિયાન જમ્મુ કાશ્મીરમાં ફરજ બજાવતા સુરક્ષા જવાનોએ કહ્યું છે કે, પાકિસ્તાની સૈનિકો ગોળીબારના બહાને આતંકવાદીઓને ભારતીય ક્ષેત્રમાં ઘુસાડવાના પ્રયાસમાં છે. જમ્મુ કાશ્મીરમાં બંને દેશો દ્વારા અંકુશરેખા પર સૈનિકો ગોઠવવામાં આવ્યા છે. એક બાજુ ભારતીય બાજુમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર બીએસએફના જવાનો ફરજ બજાવી રહ્યા છે જ્યારે પાકિસ્તાની સરહદ ઉપર પાકિસ્તાની રેન્જરો ફરજ બજાવી રહ્યા છે. પાકિસ્તાની સૈનિકો દ્વારા વારંવાર બિનઉશ્કેરણીજનક રીતે ગોળીબાર કરવામાં આવે છે.





બ્રાઝીલમાં રમાઈ રહેલા વિશ્વકપના પગલે આખું વિશ્વ ફુટબોલ ફિવરમાં ડુબી ગયું છે. આ વર્લ્ડકપની ફાઈનલ મેચ આર્જેન્ટીના અને જર્મની જવી બે મજબૂત ટીમો વચ્ચે યોજાવાની છે ત્યારે ઓરિસ્સાના પુરીના દરિયાકાંઠે બંને દેશોના ધ્વજ અને ખેલાડીઓના રેતીના શિલ્પ તૈયાર કરાયા છે. શિલ્પકારે અદભૂત રીતે આ શિલ્પમાં ફુટબોલ મેનિયાને આવરી લઈ રમતપ્રેમીઓની લાગણીને વાચા આપવા પ્રયત્ન કર્યો છે.

# સમાચાર ઝલક

- માલદા હોસ્પિટલમાં કુપોષણની બિમારીના કારણે ૬ શિશુનાં મોત.
- ડાંગ જિલ્લામાં ગ્રીન કિસાન ક્રેડીટ યોજનાની શરૂઆત કરવામાં આવી.
- યુક્રેનમાં હિંસક અથડામણમાં ૨૩ યુક્રેન સૈનિકોનાં મોત.
- મણીપુર યુનિવર્સિટી બહાર બોમ્બ વિસ્ફોટથી ૬ ને ઈજા.
- રાજયમાં એક વર્ષમાં ૬૬ સિંહનાં મોત થયા.
- ઈઝરાયલ દ્વારા ગાઝા પટ્ટીમાં સતત પાંચમા દિવસે હવાઈ હુમલા યથાવત ૧૧૨નાં મોત.
- ગુરૂપૂર્ણિમાની દેશભરમાં ગુરૂવંદના તથા અનેક કાર્યક્રમો દ્વારા ઉજવણી થઈ.
- ગૃહપ્રધાન રાજનાથસિંહના નિવાસસ્થાને યુપી એસ.સી.ના ઉમેદવારોના દેખાવો.
- બેંગ્લોર મહાનગરપાલિકામાં ઉંદર પકડવામાં કરોડોનું કૌભાંડ.
- દ્વારકા બેટ પરથી ૩ શંકાસ્પદ વ્યકિતઓની ધરપકડ.
- રાજયના ૧૬ જિલ્લામાં મેઘરાજાની શાહી પધરામણી. માંગરોળ, કુતિયાણામાં ૮ ઈંચથી વધુ વરસાદ.
- સુરતમાં સરકારી કામગીરીમાં રૂકાવટ બદલ કોર્પોરેટરની ધરપકડ.
- ભારતમાં રમાનારી એશિયન ગેમ્સને અમુલ સ્પોન્સર કરશે.
- જુનાગઢમાં મહાનગર પાલિકાની ચૂંટણી સમયે પોલીસનો જડબેસલાક બંદોબસ્ત.
- ગુમ થયેલ બાળકોને શોધવા ગૃહવિભાગ તરફથી શ્રેણીબદ્ધ પગલા લેવાયા.
- કાશ્મીર સરહદે પાકિસ્તાનનો ગોળીબાર-સૈન્યે વળતો જવાબ આપ્યો.
- ગાઝિયાબાદમાં ૧૨ કિલો સોનું ઝડપાયું.
- જોધપુર જેલમાં આશારામના સમર્થકોનો હોબાળો.

## નટખટ નિરાલી (પાના નં. ૪ નું ચાલુ)

‘બેટા, આપણે મંદિર જઇએ છીએ ને? પછી ભગવાનને બે હાથ જોડી પગે લાગીએ છીએ, આશીર્વાદ માંગીએ છીએને? હં, જેના આશીર્વાદ માગીએ એ ભગવાન કહેવાય. જે આપણી સાથે ન હોય, દેખાય પણ નહીં, છતાં બહુ ગમે એ... એને ભગવાન કહેવાય...’

‘દાદાજી, એમ તો હું તમને ને દાદીને પણ પગે લાગું છું. તમે પણ મને બહુ ગમો છો.’

‘નિરાલી, તમે કેવી રીતે સમજાવું? બેટા...’

‘તે દાદા સમજાવો ને તમે...’

‘હં, ભગવાન છે ને તે બહુ શક્તિશાળી હોય, બધાયથી અલગ હોય, ખુબ જ સુંદર હોય...’ દાદાજીને જાણે જવાબ મળી ગયો.

‘હં, હં, સ્પાઇડરમેન - સુપરમેન જેવા શક્તિશાળી હોય, ખરું? સિનેમાના હોરી-હીરોઇન પણ બહુ સુંદર હોય છે, નહીં દાદાજી? એ પણ ભગવાન...’

‘હં... ના, ના, એવું નહીં બેટા, જેનામાં આપણને શ્રદ્ધા હોય ને ભગવાન કહેવાય...’

‘દાદાજી, તમે બહું અઘરું અઘરું બોલો છો... મને કં જ સમજાતું નથી.’

ત્યાં જ દાદી આવ્યાં.

‘અહીં મંદિરમાં શું કરો છો તમે? નિરાલી, તારે સ્કૂલ નથી જવાનું? જા, મોડું થશે બેટા...’

‘એ તો ભગવાન વિશે દાદાજી સમજાવતા હતા... દાદી નિરાળીને બરાબર ઓળખે. આખી વાત સમજી ગયા.” ’

‘મંદિરમાં? કેમ મંદિરમાં રહે એને જ...’

‘સોરી બેટા, મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા, આકાશ, પૃથ્વી, સૂરજ, ચંદ્ર, નદી, પર્વત, પવન, ફૂલ, ઝાડ, પ્રાણી-પશુ-પંખી - બધાંમાં જે રહે એને ભગવાન કહેવાય... હા, બધાને ભગવાન કહેવાય, ભગવાન બધામાં રહે...’ દાદાજી એક શ્વાસે બોલી ગયા.

‘હા, બેટા, તારામાં પણ ભગવાન છે... ભગવાનને બાળકો બહુ ગમે... બાળકો ભોળાં ભોળાં હોય ને?’ દાદીએ નિરાલીને ખોળામાં બેસાડી, એના મોંમાં પ્રસાદ મૂક્યો, એને ચૂમી લીધી?

‘હં, હવે બરાબર. દાદીમા તો બહું જ હોંશિયાર છે, ખરું ને દાદાજી?’

‘હા, બેટા, અમારો નટખટ કાનુડો પણ તું જ છે, તું જ અમારી રાધા ને તું જ અમારી ગોપી...’ દાદીમા વ્હાલથી બોલ્યા.

‘નિરાલી... નિરાલી કયા છે તું? ચાલ, તારી સ્કૂલ બસ આવી ગઇ...’ ને નિરાલીને દોટ મૂકી. ઝડપટ દફ્તર લીધું, બૂટ-મોજાં પહેર્યાં ને નાચતી-કૂદતી ઘર બહાર નીકળી.

‘નિરાલી ભગવાન બની ગઇ... નિરાલી કાનુડો બની ગઇ. અમીબહેન, દાદા, દાદી હસતા ચહેરે એને જતી જોઇ રહ્યાં.’

# હવે ક્લિનિકલ ટ્રાયલ ઉપર સર્વિસ ટેક્સ નુકસાન કરશે

નવીદિલ્હી,તા. ૧૨

નાણામંત્રી અરૂણ જેટલીએ ૧૦મી જુલાઈના દિવસે સામાન્ય બજેટ રજૂ કરતી વેળા કેટલાક પગલાની જાહેરાત કરી હતી જેના પરિણામ સ્વરુપે કેટલાક ક્ષેત્રોને નુકસાન પણ થવાની શક્યતા દેખાઈ રહી છે. બજેટમાં ક્લિનિકલ ટ્રાયલ ઉપર સર્વિસ ટેક્સ લાગૂ કરવામાં આવતા ફાર્મા કંપનીઓને નુકસાન થવાની શક્યતા દેખાઈ રહી છે. સ્થાનિક ફાર્મા કંપનીઓની હાલત કફોડી બનેલી છે. બજેટમાં માનવીય વિષયો ઉપર નવી તૈયાર કરવામાં આવેલી દવાઓના ટેસ્ટિંગ ઉપર સર્વિસ ટેક્સ મુક્તિ પાછી ખેંચી લેવામાં આવી હતી જેના લીધે આરએનડીને નુકસાન થઈ શકે છે. જો કે, આનાથી કેટલાક લોકોને ફાયદો પણ થશે. આનાથી દર્દીઓને રાહત થશે. સર્વિસ ટેક્સ મુક્તિ પાછી ખેંચી લેવામાં આવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, દેશમાં નવી દવાઓ ઉપર સંશોધનની પ્રવૃત્તિ વધુ પ્રમાણમાં ચાલી રહી નથી પરંતુ બાયોકોન, ગ્લેનમાર્ક અને ડો. રેડ્ડી જેવી કંપનીઓને આની અસર થઈ શકે છે. ફાર્મા ઈન્ડસ્ટ્રી માટે આ ખુબ જ નકારાત્મક બાબત છે. ક્લિનિકલ ટ્રાયલ આરએનડીના એક હિસ્સા તરીકે છે. આના લીધે નુકસાન થઈ શકે છે. ડો. રેડ્ડીના ચેરમેન અને ભારતીય ફાર્મા ગઠબંધનના પ્રમુખે આ મુજબની પ્રતિક્રિયા આપી હતી.